ચૈતન્ય લક્ષણ યુક્ત હોય તે જીવ કહેવાય છે, અને તે કારણથી ચૈતન્ય અથવા ચૈતન્ય યુક્ત પદાર્થ તે જ જીવતત્ત્વ છે.

૨. તેથી વિપરીત સ્વભાવવાળું અથવા વિપરીત લક્ષણવાળું એટલે ચૈતન્ય લક્ષણ રહિત હોય, અને સુખ-દુઃખનો અનુભવ જેને ન હોય તે જડ લક્ષણવાળું અજીવતત્ત્વ છે, જેમ આકાશ, સૂકું લાકડું-ઇત્યાદિ.

૩. જીવોને ઇષ્ટ સામગ્રી પ્રાપ્ત થાય છે તો પરમ આહ્લાદ પામે છે, તથા સુખ ભોગવે છે, તેનું જે મૂળ શુભકર્મનો બંધ તે પુણ્ય અને તે જ પુણ્યતત્ત્વ કહેવાય છે. અથવા શુભ કર્મબંધના કારણભૂત શુભ ક્રિયારૂપ શુભ આશ્રવો તે પણ અપેક્ષાએ પુણ્યતત્ત્વ કહેવાય છે. જેને લીધે જીવ સુખસામગ્રી પામે તે પુણ્યતત્ત્વ. અહીં पुनाति એટલે (જીવને) પવિત્ર કરે તે पुण्य અથવા पुनाति शुभीकरोति-શુભ કરે તે पुण्य.

૪. પુણ્યતત્ત્વથી વિપરીત જે તત્ત્વ તે પાપ તત્ત્વ. અથવા અશુભ કર્મ તે पापतत्त्व. અથવા જેના વડે અશુભ કર્મનું ગ્રહણ થાય તેવી અશુભ ક્રિયા (ચોરી-જુગાર-દુર્ધ્યાન-હિંસા આદિક) તે पापतत्त्व. એ પાપના ઉદયથી જીવને પ્રતિકૂળ સામગ્રીઓ પ્રાપ્ત થાય છે, પરમ ઉદ્વેગ પામે છે, અને ઘણું દુઃખ ભોગવે છે. पातयति नरकादिषु એટલે નરકાદિ દુર્ગતિમાં પાડે તે पाप, અથવા पांशयति–मलिनयति जीवमिति पापम् એટલે જીવને મલિન કરે તે पाप, અથવા पांशयति એટલે गुण्डयति અર્થાત્ આત્માને બાંધે-આવરે તે पाप કહેવાય.

અહીં પુણ્ય પાપની ચતુર્ભંગી (એટલે ચાર પ્રકાર) થાય છે, તે આ પ્રમાણે—(૧) પુણ્યાનુબંધી પુણ્ય, (૨) પુણ્યાનુબંધી પાપ, (૩) પાપાનુબંધી પુણ્ય અને (૪) પાપાનુબંધી પાપ.

ત્યાં જે પુણ્ય ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે १. पुण्यानुबन्धि पुण्य કહેવાય, એ પુણ્ય આર્યાવર્ત્ત દેશના, મહાધર્મી અને દાનેશ્વરી મહા-ઋદ્ધિવાળા જીવોને હોય છે, કારણ કે તેઓએ પૂર્વ ભવમાં એવું શુભ પુણ્ય ઉપાર્જન કર્યું છે કે આ ભવમાં તે પુણ્યને ભોગવતાં ભોગવતાં પણ બીજું તેવું પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છે.

કેટલાએક ચંડકૌશિક નાગની માફક પ્રભુના ઉપદેશથી સમભાવમાં રહી દરમાં પડ્યા રહી લોકોએ પોતાની ઉપર નાંખેલ ઘી, દૂધથી કીડીઓ એકઠી થઈ તેને કરડવા લાગી છતાં તે પૂર્વભવનું પાપ એવી રીતે સહન કરીને ભોગવ્યું, કે જેથી તેને ઘણું પુણ્ય બંધાયું, અને તે નાગ મરીને સ્વર્ગે ગયો. આમ પાપ ભોગવતાં શુભ કરણી દ્વારા પુણ્ય ઉપાર્જન કરે તે ૨. पुण्यानुबन्धि पाप જાણવું.

જે પુણ્ય ભોગવતાં નવું પાપ બંધાય તે ३. पापानुबन्धि पुण्य જાણવું. તે વિશેષતઃ અનાર્ય દેશના મહર્દ્ધિકોને હોય છે. કારણ કે તેઓએ પૂર્વભવમાં જે પુણ્ય ઉપાર્જન

કર્યું હતું તે પુણ્યથી આ ભવમાં અનાર્ય દેશમાં મહા-ઋદ્ધિવાળા થયા. પરંતુ તે ઋદ્ધિનો ઉપયોગ કેવળ ભયંકર યુદ્ધો કરી રાજ્યોની વૃદ્ધિ કરી અનેક મોજશોખ કરી અનેક શિકાર વગેરેથી ઇન્દ્રિયોને પ્રાપ્ત કરી મહા-આરંભ-પરિગ્રહમાં રૌદ્ર પરિણામવાળા થયા થકા મહા પાપકર્મ ઉપાર્જન કરે છે, માટે તે पापानुबन्धि पुण्य છે.

જે પાપ ભોગવતાં બીજું નવું પણ પાપ જ બંધાય તે ૪. पापानुबन्धि पाप છે. આ દરિદ્રી એવા ધીવરોને (મચ્છીમારોને) તથા શિકારીઓ વગેરેને હોય છે.

૫. શુભ તથા અશુભ કર્મનું આવવું તે आश्रवतत्त्व. અથવા જે ક્રિયાઓ વડે શુભાશુભ કર્મ આવે તેવી ક્રિયાઓ પણ આશ્રવતત્ત્વ છે. જેમ સરોવરમાં દ્વારમાર્ગે વરસાદનું જળ પ્રવેશ કરે છે, તેમ જીવરૂપી સરોવરમાં પણ હિંસાદિ દ્વારમાર્ગે કર્મરૂપી વર્ષાજળ પ્રવેશ કરે છે.

અહીં આ એટલે समन्तात् અર્થાત્ સર્વ બાજુથી શ્રવ એટલે શ્રવવું-આવવું તે आश्रव કહેવાય. અથવા आश्रूयते उपादीयते (કર્મ) ગ્રહણ કરાય તે आश्रव (ઇતિ નવતત્ત્વભાષ્યમ્) અથવા आश्नाति-आदत्ते कर्म यैस्ते आश्रवाः એટલે જીવ જેના વડે કર્મ ગ્રહણ કરે તે आश्रव. અથવા आश्रीयते-उपार्ज्यते कर्म एभिरित्याश्रवाः એટલે જેના વડે કર્મ ઉપાર્જન કરાય તે आश्रव. અથવા આ એટલે સર્વ બાજુથી श्रवति क्षरति जलं सूक्ष्मरन्ध्रेषु यैस्ते आश्रवाः એટલે છિદ્રોમાં થઈને જળરૂપી કર્મ ઝરે-પ્રવેશ કરે તે आश्रव. જેમ નૌકામાં પડેલાં બારીક છિદ્રો દ્વારા જળનો પ્રવેશ થતાં નૌકાને સમુદ્રમાં ડુબાવે છે, તેમ હિંસાદિ છિદ્રો દ્વારા જીવરૂપી નૌકામાં કર્મરૂપી જળનો પ્રવેશ થવાથી જીવ સંસારરૂપી સમુદ્રમાં ડૂબે છે માટે કર્મનું આવવું તે આશ્રવ, તેમજ કર્મને આવવાના હિંસાદિ માર્ગો તે પણ આશ્રવ કહેવાય.

૬. આશ્રવનો જે નિરોધ તે संवरतत्त्व કહેવાય, અર્થાત્ આવતાં કર્મોનું રોકાણ એટલે કર્મો ન આવવા દેવાં તે સંવર. અથવા જેના વડે કર્મ રોકાય તે વ્રત-પ્રત્યાખ્યાન તથા સમિતિ-ગુપ્તિ વગેરે પણ संवर કહેવાય. संव्रियते कर्म कारणं प्राणातिपातादि निरुध्यते येन परिणामेन स संवरः એટલે કર્મ અને કર્મનું કારણ પ્રાણાતિપાત વગેરે જે આત્મપરિણામ વડે સંવરાય એટલે રોકાય તે संवर કહેવાય.

૭. નિર્જ્જરવું એટલે કર્મનું ખરવું, ઝરવું, સડવું, વિનાશ પામવું તે निर्ज्जरातत्त्व છે. અથવા જેનાં વડે કર્મોનું ખરવું, ઝરવું, સડવું, વિનાશ પામવું થાય તે તપશ્ચર્યા વગેરે પણ निर्ज्जरा કહેવાય. निर्ज्जरणं विशरणं परिशटनं निर्ज्जरा અર્થાત્ કર્મોનું વિખરવું અથવા કર્મોનો પરિશાટ-વિનાશ તે निर्जरा કહેવાય.